GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# કર્મશક્તિ અને કર્મફળનો આધારભૂત સિદ્ધાંત

## દીપાબેન રાવલ, ડો. પારુલ મહેતા

શોધછાત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
માર્ગદર્શક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**સારાંશ:**

*માનવજીવનનું મૂળ તત્વ **કર્મ** છે. મનુષ્ય જે વિચારે છે, બોલે છે અને કરે છે તે ત્રણેય ક્ષેત્રોમાં તેની "કર્મશક્તિ" પ્રતિબિંબિત થાય છે. આ શક્તિ એ આંતરિક દૈવી ઊર્જા છે, જે માણસને ક્રિયાશીલ, પ્રેરિત અને ઉત્સાહી રાખે છે. માનવજીવનના મૂળમાં "કર્મ" એ જ એનો સાચો પરિચય છે. મનુષ્યના વિચારો, શબ્દો અને ક્રિયાઓ આ ત્રણેનો સમન્વય જ્યારે સકારાત્મક દિશામાં ચાલે છે, ત્યારે જ જીવન પૂર્ણતા તરફ આગળ વધે છે. આ શક્તિ જ "**કર્મશક્તિ**" તરીકે ઓળખાય છે. કર્મશક્તિ એ આંતરિક શક્તિ છે, જે મનુષ્યને ઉન્નતિ કે પતન તરફ દોરી જાય છે.*

***સૂચક શબ્દો:*** *કર્મ, કર્મશક્તિ, કર્મ સિદ્ધાંત, નિષ્કામ કર્મ, ધર્મ, પ્રેરણા, મનોબળ, જીવન શિક્ષા, ધર્મમાર્ગ*

## પ્રસ્તાવના:

માનવજીવનનું વાસ્તવિક તત્વ અને તેની પ્રગતિનો આધાર "કર્મ" છે. જન્મથી મરણ સુધી મનુષ્ય સતત કોઈ ને કોઈ ક્રિયામાં જોડાયેલો રહે છે જેમ કે વિચાર, વાણી અને વર્તનનો આ અનંત પ્રવાહ જ તેને તેની ઓળખ આપે છે. આ ક્રિયાશીલતાને દિશા આપનાર આંતરિક શક્તિ "કર્મશક્તિ" તરીકે ઓળખાય છે. મનુષ્ય જે રીતે આ શક્તિનો ઉપયોગ કરે છે, તે મુજબ તેનું જીવન સુખી કે દુઃખી, ઉન્નત કે પતિત બને છે. શાસ્ત્રોમાં કર્મને બ્રહ્માંડનો શાશ્વત નિયમ કહેવામાં આવ્યો છે. વિશ્વના દરેક કાર્યનો કોઈ ને કોઈ પરિણામ હોય છે અને આ જ પરિણામને "કર્મફળ" કહેવામાં આવે છે. જેવું બીજ વવાય, તેવું જ ફળ મળે; તેમ મનુષ્યના સારા કે ખરાબ કૃત્યોનું ફળ સમયાનુકૂળ જીવનમાં પ્રગટ થાય છે. આ સિદ્ધાંતમાં કોઈ પક્ષપાત નથી, માત્ર ન્યાય અને સમતાનો અડગ નિયમ છે. ભગવદ્ ગીતા કહે છે કે માણસનો અધિકાર માત્ર કર્મ કરવા પર છે; ફળ પર નહીં.[1] આ જ વિચારધારા કર્મશક્તિ અને કર્મફળનાં તત્વને વધુ ઊંડાઈથી સમજવામાં માર્ગદર્શક બની જાય છે. કારણ કે કર્મ કરવાનું સ્વાતંત્ર્ય મનુષ્ય પાસે છે, પરંતુ તેના પરિણામો બ્રહ્માંડના અચૂક નિયમો અનુસાર નક્કી થાય છે. આ પ્રકરણમાં કર્મ, કર્મફળ અને કર્મશક્તિના આધ્યાત્મિક, નૈતિક તથા તત્વજ્ઞાનિક સ્વરૂપનું વિશ્લેષણ છે જેમાં મનુષ્યના જીવન, વર્તન અને ભવિષ્ય પર તેના પ્રભાવનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. અંતે, મનુષ્ય પોતાના કર્મોથી જ જીવનનું ઘડતર કરે છે અને પોતાનાં ભાગ્યનો શિલ્પી બની જાય છે.

## શોધપરિધિ:

**"ज्ञानं ज्ञानं परिज्ञानात त्रिविधा कर्मचोदन |**
**कारणं कर्म करतेति त्रिविधिहि कर्मसंग्रह ||"**[2]

આ સંશોધનનો વ્યાપ મુખ્યત્વે કર્મ, કર્મશક્તિ અને કર્મફળના આધ્યાત્મિક તથા તત્વજ્ઞાનિક સ્વરૂપના વિશ્લેષણ પર કેન્દ્રિત છે. માનવજીવનની રચના, તેની ક્રિયાશીલતા અને તેની પ્રગતિમાં કર્મની ભૂમિકા કેવી રીતે કાર્ય કરે છે, તેનો

[1] श्रीमद्भगवद्गीता (२।४७) गीताप्रेस गोरखपुर, पृ.१२७
[2] श्रीमद्भगवद्गीता (१८।१८) गीताप्रेस गोरखपुर, पृ.११४०

https://www.gapbhasha.org/

અભ્યાસ આ સંશોધનનો કેન્દ્રબિંદુ છે. ભગવદ ગીતા, ઉપનિષદો, સંત સાહિત્ય અને આધુનિક વિચારકોના ગ્રંથો આ અભ્યાસ માટે મુખ્ય આધારરૂપ છે, જે કર્મસિદ્ધાંતને વિવિધ દ્રષ્ટિકોણોથી સમજવામાં સહાય કરે છે.

**"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥"**[3]

અહી કર્મશક્તિના મનોચિકિત્સાત્મક અને આંતરિક પાસાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મનુષ્યના વિચારો, સંકલ્પો, ભાવનાઓ અને વૃત્તિઓ તેના કર્મોને કેવી અસર કરે છે અને કર્મોના ફળ રૂપે જીવનમાં કેવી પ્રતિક્રિયા સર્જાય છે, તે અંગે વિગતવાર સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વિચારો અને કર્મ વચ્ચેનું સૂક્ષ્મ તત્વ અને તેના પરિણામોનો અભ્યાસ અહી વધુ માનસશાસ્ત્રીય પરિમાણ આપે છે.

**"यथाकर्म यथाश्रुतं हयेषा पुरुषस्य श्रद्धा भवति ।"**[4]

કર્મફળના કારણ–પરિણામ સિદ્ધાંતને આ સંશોધનમાં વિશેષમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામાણ આ ત્રણ પ્રકારના કર્મો વ્યક્તિના જીવન પર કેવી અસર કરે છે અને તેની દૈનિક ઘટનાઓ, સંજોગો અને અનુભવો સાથે તેમનો શું સંબંધ છે, તે પણ આ અભ્યાસના વ્યાપમાં આવે છે. કર્મફળના ન્યાયસિદ્ધાંતને સમજવા માટે આધ્યાત્મિક ગ્રંથો તથા જીવનાનુભવ બંનેનો આધાર લેવાયો છે.

**"ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।**

**सङ्गात् संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥**[5]

**"क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।**

**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥"**[6]

ધ્યાનમાંથી કામ, કામથી કર્મ, અને કર્મથી કર્મફળની ઉત્પત્તિ થાય છે. આમ અહી મનુષ્યના વિચારજગત, તેની વૃત્તિઓ અને આંતરિક ભાવના સાથે સંકળાયેલ છે. કર્મશક્તિ કેવી રીતે શુદ્ધ, અપવિત્ર, ઉદ્દીપક અથવા નિષ્કામ બને છે અહી સદાચાર, ધર્મ, નિષ્કામભાવ, પરોપકાર અને નૈતિક વર્તન જેવા ગુણોનું કર્મશક્તિ સાથેનું સંબંધ પણ અધ્યયન કરે છે. માનવ વર્તન અને સમાજના નૈતિક માળખાની રચનામાં કર્મતત્વ કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેનું વિસ્તૃત મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. વ્યક્તિગત વિકાસ અને સમાજની સમૃદ્ધિ બંને કર્મની ગુણવત્તા પર નિર્ભર છે, એ અંગે પણ આ અભ્યાસ પ્રકાશ પાડે છે.

આ શોધ મુખ્યત્વે આધ્યાત્મિક અને તત્વજ્ઞાનિક સાહિત્ય પર આધારિત છે, તેથી વૈજ્ઞાનિક માપન અથવા પ્રયોગાત્મક પરીક્ષણોની સીમિતતા રહેશે. તેમ છતાં, કર્મ અને કર્મફળના સિદ્ધાંતને માનવજીવનના અનુભવો, વર્તન અને જીવનદર્શન દ્વારા સમજવાનો પ્રયાસ સંશોધનને વ્યાપક અને સર્વસમાવે બનાવે છે. આ રીતે આ અભ્યાસ કર્મશક્તિ અને કર્મફળના સિદ્ધાંતને સર્વાંગી રીતે સમજવાનું એક સર્વોત્તમ માધ્યમ બને છે.

આ કર્મ માનવના **વ્યક્તિત્વ નિર્માણ, ભાગ્ય ઘડતર** અને **જીવનની આંતરિક યાત્રા** સાથે પણ જોડાયેલો છે. કર્મશક્તિ માત્ર કાર્ય નથી, પરંતુ આત્માની ઉદ્ધવતી શક્તિ છે, જે મનુષ્યને તમસથી રજસ અને રજસથી સત્વ તરફ લઈ જાય છે. જીવનની દરેક ઘટના, દરેક અનુભવ અને દરેક સંજોગ કર્મફળના નિયમોથી સંચાલિત છે તેથી આ અભ્યાસ અહી ગૂઢ સિદ્ધાંતને સરળ, શુદ્ધ અને આધ્યાત્મિક દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરે છે.

## સમાપન:

"કર્મશક્તિ અને કરમફળનો આધારભૂત સિદ્ધાંત" આપણને શીખવે છે કે- જીવનમાં કોઈ પણ ક્રિયા વ્યર્થ નથી. આપણાં

[3] श्रीमद्भगवद्गीता (२।४७) गीताप्रेस गोरखपुर, पृ.१२७

[4] बृहदारण्यक उपनिषद (४।४।५)

[5] श्रीमद्भगवद्गीता (२।६२) गीताप्रेस गोरखपुर, पृ.१५०

[6] श्रीमद्भगवद्गीता (२।६३) गीताप्रेस गोरखपुर, पृ.१५०

https://www.gapbhasha.org/

દરેક વિચાર, દરેક શબ્દ અને દરેક કર્મ બ્રહ્માંડમાં ઊર્જા તરીકે અસર કરે છે. આ અસર તરત ન દેખાય, પણ પછી જીવનમાં તેના પરિણામ જોવા મળે છે. જ્યારે આપણે શુદ્ધ ભાવથી કર્મ કરીએ, ત્યારે આ ઊર્જા હંમેશા આપણું રક્ષણ કરે છે અને જીવનમાં સારા પરિસ્થિતિઓ લાવે છે. તેથી, માણસે ભાગ્ય પર સંપૂર્ણ આધાર ન રાખવો, પરંતુ પોતાના કર્મ પર વિશ્વાસ રાખવો જોઈએ. કર્મ જ જીવનનો આધાર છે, કર્મ જ આત્માનો પ્રકાશ છે, અને કર્મ જ માણસને પરમ પવિત્રતા તરફ લઈ જાય છે. સાચા વિચાર અને નિષ્કામ કર્મ જીવનમાં સકારાત્મક ઊર્જા અને ખુશી લાવે છે. અંતે, મનુષ્ય પોતાના કર્મોથી જ પોતાનો ભાગ્ય બનાવે છે, અને કરેલા કર્મો જ જીવનના માર્ગને અને ભવિષ્યને ઉજ્જવળ બનાવે છે.

## સંધર્ભ સૂચિ:

[1] શ્રીમદ્ ભગવદ્ ગીતા – ગીતાપ્રેસ ગોરખપુર, હિન્દી ટીકા.

[2] શ્રીમદ્ ભગવદ્ ગીતા – ગીતાપ્રેસ ગોરખપુર, ગુજરાતી ટીકા.

[3] બૃહદારણ્યક ઉપનિષદ 4.4.5.

[4] राधाकृष्णन, एस. (1953). The Principal Upanishads. लंदन: जॉर्ज एलन एंड अनविन.

[5] द्विवेदी, एच. पी. (संपादक). (2018). कबीर ग्रंथावली. वाराणसी: नागरी प्रचारिणी सभा.

[6] Geeta Press, Gorakhpur. (2020). Shrimad Bhagavad Gita (with Sanskrit text and commentary by Swami Ramsukhdasji). Gorakhpur: Geeta Press.

[7] Vivekananda, Swami. (1896). Karma Yoga. Kolkata: Advaita Ashrama.

[8] Gandhi, M. K. (1946). The Bhagavad Gita According to Gandhi. Ahmedabad: Navajivan Publishing House.

https://www.gapbhasha.org/